ગુજરાત સરકારના વર્ગ-૪ના કર્મચારીઓને બોનસ ૨૦૧૧-૨૦૧૨ના
વર્ષ માટે તદર્થ (એડહોક )બોનસ ચૂકવવા બાબત...

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,

**ઠરાવ ક્રમાંકઃ- બનસ/૧૨૦૦૭/જીઓઆઇ-૦૫ (૧૨)/ચ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૦૫/૧૧/૨૦૧૨

## ઠ રા વ

રાજ્ય સરકારે તેનાપે-બેન્ડ-₹.૪૪૪૦-₹.૭૪૪૦/-ગ્રેડ-પે-₹.૧૬૫૦ના પગાર ધોરણ અને તેનાથી નીચેના પગાર ધોરણમાં ફરજ બજાવતા વર્ગ-૪ કર્મચારીઓને અને પાંચમા પગાર પંચ મુજબ જેઓનો પગાર ₹.૨૬૫૦-૪૦૦૦ અને તેનાથી નીચેના પગાર ધોરણમાં હશે તેઓને સને ૨૦૧૧-૨૦૧૨ના હિસાબી વર્ષ માટે ૩૦(ત્રીસ) દિવસના વેતન જેટલુ તદર્થ (એડહોક) બોનસ ચુકવવાનો નિર્ણય કરેલ છે. બોનસની રકમની વધુમાં વધુ મર્યાદા ₹.૩૫૦૦/- ની રહેશે.

આ હુકમના હેતુ માટેઃ

(૧) "પગાર" એટલે ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ ના નિયમ ૯(૫૩)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો પગાર.

(૨) જગ્યાનો પગાર અથવા પગાર ધોરણ એટલે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯માં તેમજ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૧૯૯૮માં નિયત થયેલ અને સુધારવામાં આવેલ પગાર અથવા પગાર ધોરણ

૨ એડહોક બોનસનો લાભ નીચેની શરતોને આધીન રહીને મળવાપત્ર થશે.

(૧) એડહોક બોનસનો લાભ વર્ગ-૪ના કર્મચારીઓને મળવાપાત્ર થશે.

(૨) તારીખઃ ૩૧/૦૩/૨૦૧૨ના રોજ નોકરીમાં ચાલુ હોય અને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષ દરમ્યાન જેમણે ઓછામાં ઓછી ૬(છ) મહીનાની સળંગ નોકરી કરી હોય તે કર્મચારીઓ આ હુકમ અન્વયે કરેલ નોકરીના પ્રમાણમાં ચૂકવણીને પાત્ર બનશે. પાત્રતાનો ગાળો નોકરીના મહીનાની સંખ્યા (નજીકના આખા મહીનામાં )ના આધારે ગણવામાં આવશે.

(૩) આ હુકમો હેઠળ મળવાપાત્ર તદર્થ બોનસનુ પ્રમાણ તારીખ- ૩૧/૦૩/૨૦૧૨ના રોજ મળવાપાત્ર મળતરના અધારે રહેશે.

(૪) એડહોક બોનસની રકમની ગણતરી સરેરાશ પગાર/ગણત્રી માટેની મર્યાદાએ બેમાંથી જે ઓછી હોય તે મુજબ નક્કી કરવાની રહેશે. એક દિવસના એડહોક બોનસની ગણત્રી માટે એક વર્ષના મળતરને ૩૦.૪થી ભાગવાનું રહેશે. ત્યારબાદ જેટલા દિવસનું એડહોક બોનસ મંજુર કરેલ હોય તેટલાએ તેનો ગુણાકાર કરવાનો રહેશે, દા.ત. પાંચમાં અને છઠ્ઠા પગાર પંચ મુજબ જ્યાં ₹.૩૫૦૦ થી વધુ પગાર હોય ત્યાં મહત્તમ મર્યાદા ₹. ૩૫૦૦/-ધ્યાને લેતાં ૩૦ દિવસનું એડહોક બોનસ₹.૩૫૦૦ X ૩૦-:-૩૦.૪=₹.૩૪૫૩.૯૫ (આખા ₹ માં ૩૪૫૪) થશે.

(૫) ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી દરેક વર્ષ માટે ઓછામાં ઓછા ૨૪૦ દિવસ માટે કામ કરેલ હોય તેવા છુટક મજૂરો આ તદર્થ બોનસની ચુકવણી માટે હકદાર બનશે. ખરેખર માસિક વેતનને ધ્યાનમાં લીધા સિવાય ₹.૧૨૦૦/- કાલ્પનિક વેતનના આધારે આ રકમ ચુકવવામાં આવશે. ચૂકવવા પાત્ર તદર્થ બોનસની રકમ₹.૧૨૦૦X૩૦-:-૩૦.૪=₹.૧૧૮૪.૨૧(અખા રૂપિયામાં ૧૧૮૪) થશે. જે કિસ્સામાં ખરેખર માસિક મળતર ₹.૧૨૦૦ કરતાં ઓછુ હોય તો રકમની ગણત્રી ખરેખર માસિક મળતર ઉપર ગણવાની રહેશે.

(૬) આ હુકમો હેઠળની બધી ચુકવણી નજીકના આખા રૂપિયામાં ગણવામાં આવશે.

(પાછળ......

(૨) ઉપયુક્ત જોગવાઇઓ કશું જણાવતી ન હોઇ તેવી બાબતમાં તારીખ:-૨૦ મે ૧૯૮૯ ના સરકારી ઠરાવ નં. બોનસ/૧૦૮૯/૧૫૬૫/ચ,થી બહાર પાડેલ સ્પષ્ટીકરણાત્મક હુકમો અમલમાં રહેશે.

3. ૨૦૧૧-૨૦૧૨ના વર્ષ દરમિયાન બોર્ડ અને નિગમમાં પ્રતિનિયુક્તિ પર હોય તેવા વર્ગ—૪ના કર્મચારીઓ પણ સંબંધિત બોર્ડ/નિગમો માંથી બોનસ મેળવવાને પાત્ર થશે. તેમણે સંબંધિત બોર્ડ/નિગમો પાસેથી બોનસ આકાર્યું હોય ત્યાં તેવા હુકમો અન્વયે મંજુર તદર્થ બોનસ માટે હકદાર નથી.

૪. આ હુકમો હેઠળની ચુકવણી જેતે વિભાગના સંબંધિત અનુદાન હેઠળના વેતન હેઠળના વિગતવાર સદર બોનસ ખાતે ઉધારવાનું રહેશે.

૫. ઉપર્યુક્ત હુકમો વર્ગ-૪ના રાજ્ય સરકારના,પંચાયતના, અને પગાર ભથ્થાની ૧૦૦ટકા સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ કે જેમને અગાઉ બોનસ અપાયેલ હોય તેવી સંસ્થાના વર્ગ-૪ના કર્મચારીઓને લાગુ પડશે.

૬. રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશનોમાં ફરજ બજવતા વર્ગ-૪ના કર્મચારીઓને પણ આ હુકમો લાગુ પડશે. પરંતુ બોનસ એકટ હેઠળ જે બોર્ડ/ કોર્પોરેશનમાં જે કર્મચારીઓને બોનસ ચુકવવામાં આવતુ હશે તેઓને આ હુકમમાં જણાવ્યા મુજબનું બોનસ ચુકવવાનું રહેશે નહી.

૭. ઉપર-૫ માં દર્શાવેલ અનુદાન મેળવતી સંસ્થાઓ માટે આ હુકમથી થતુ ખર્ચ સહાયક અનુદાનના નિયત ઢાંચા પ્રમાણે અનુદાન માન્ય ખર્ચ તરીકે ગણવાનું રહેશે.

ગુજરાતના રાજ્ય પાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ.ડી.સેઇલર.)
નાયબ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીઓ/ રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત રાજય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો/ સર્વે ખાતાના વડાઓ/ સર્વે નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ.
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડીટ/એ એન્ડ ઇ.), ગુજરાત રાજય,અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર. સ.સ.ન.નિગમ લિ. ગાંધીનગર/વડોદરા
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓ/સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી.
- નાણા વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ. સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ, વેબ સાઇટ ઉપર મુકવા સારૂ. સિલેકટ ફાઇલ
- પત્ર દ્વારા.